સાબરકાંઠા જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ મતદાન ૫ ડિસેમ્બરે યોજાશે. આ દિવસે વધુમાં વધુ મતદારો પોતાનો અમૂલ્ય મત આપે અને લોકશાહીના આ મહા પર્વમાં સહભાગી બને તે ઉદ્દેશ્યથી વહીવટી તંત્ર દ્વારા અનેક મતદાન જાગૃતિ કાર્યક્રમો થઈ રહ્યા છે. ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પશુપાલકો માટે જીવાદોરી સમાન સાબર ડેરી દ્વારા અમૂલ દૂધના પાઉચ ઉપર મતદાન જાગૃતિ અંગે અવસર લોકશાહીનો- "ચાલો સંકલ્પ લઈએ, અવશ્ય મતદાન કરીએ"-ની અપીલ કરવામાં આવી છે. જેથી ઘરે-ઘેર આ દૂધના પાઉચ થકી પહોંચીને લોકોને મતદાન અંગે જાગૃત કરી શકાય. દરેક વ્યક્તિને મતદાન કરવા પ્રેરણા મળે તેમ જ મતદાનના દિવસે પોતાના અમૂલ્ય મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના અવસરમાં પોતે સહભાગી બની લોકશાહીની સૌથી મોટી ફરજ નિભાવી શકે.

ઈડર-વડાલી વિધાનસભા બેઠકના ગામડાઓમાં રમણલાલ વોરાનો ઝંઝાવાતી પ્રચાર....!!!

કામ બોલતું હોવાથી મતદારોમાં લોક ચાહના અકબંધ

બાયડ,તા.૨૩

ઈડર, વડાલી વિધાનસભા બેઠકના ગામડાઓમાં ભાજપના ઉમેદવાર રમણલાલ વોરાનો ઝંઝાવાતી પ્રચાર શરૂ થયો છે. ગામે ગામ પૂર્વ કેબિનેટ મંત્રી તેમજ ધારાસભ્ય તરીકે આ વિસ્તારમાં વિકાસના અઢળક કામો કર્યા હોવાના કારણે મતદારોમાં તેમની લોકચાહના અકબંધ હોવાથી જ્યાં પણ પ્રચાર હોય તે સ્થળે મોટી સંખ્યામાં યુવાનો, પુરૂષો, મહિલાઓ અને બુઝર્ગ મતદારો ઉપસ્થિત રહી વિજયી ભવઃના આશીર્વાદ આપી રહ્યા છે. જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર પરાકાષ્ટાએ પહોંચ્યો છે. રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો સભાઓ ગજવી રહ્યા છે. ત્યારે ઈડર-વડાલી વિધાનસભા બેઠકના ગામડાઓમાં ભાજપના ઉમેદવાર અને પૂર્વ કેબિનેટ મંત્રી રમણલાલ વોરાને ગામે ગામથી સ્વયંભૂ આવકાર મળી રહ્યો છે. આ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે હંમેશાં પ્રયત્નશીલ રહેલા રમણલાલ વોરા માટે પ્રજામાં લોક ચાહના અકબંધ રહી છે જેના કારણે જે કોઈ ગામમાં ચૂંટણીલક્ષી પ્રચાર તેમનો હોય ત્યાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડતા હોય છે. છેલ્લા ૪ દિવસથી ચાલી રહેલા પ્રચાર કાર્યમાં યુવાનોની સાથે હવે મોટી સંખ્યામાં મહિલાઓ પણ તેમના સમર્થનમાં પ્રચાર સ્થળે ઉપસ્થિત થઈ રહી છે. ભાજપના ઉમેદવારને ગામે ગામથી મતદારોનો વ્યાપક આવકાર સ્વયંભૂ રીતે મળી રહ્યો છે જેથી આ વિસ્તારમાં શ્રી રમણલાલ વોરાનું કામ બોલે છે તે થીમ ઉપર પ્રચાર કાર્ય વધુ વેગવંતુ બન્યું છે. ગત રોજ વિધાનસભા બેઠકના નવા સૂરપુર, મશાલ, રતનપુર, હરિપુરા, ખાસ્કી, બુઢેલી, લેઈ, સમલાપુર, નવાસમલાપુર, લીલાપુર, ઓડા, બાદરપુરા, સાહેબપુરા, જાલીયા અને ફીચોડ સહિતના વિસ્તારોમાં યોજાયેલા તેમના પ્રવાસ દરમ્યાન મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી.

વિધાનસભા સામાન્ય ચુંટણી - ૨૦૨૨

સાબરકાંઠા જિલ્લામાં શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવાની રહેશે

હિંમતનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભા સામન્ય ચૂંટણી ૨૦૨૨માં દરેક મતદાર પોતાના મતાધીકારનો ઉપયોગ કરી શકે તે માટે વહિવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરવામાં આવી છે જે અંતર્ગત તા. ૦૧/૧૨/૨૦૨૨નાં ગુરૂવાર અને તા. ૫/૧૨/૨૦૨૨ના સોમવારના રોજ બે તબક્કામાં ગુજરાતમાં ચૂંટણી યોજાશે. જેથી ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગારીનુ નિયમન અને સેવાની શરતો) અધિનિયમ -૨૦૧૯, કારખાના અધિનિયમ-૧૯૪૮, બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એક્ટ-૧૯૯૬, હેઠળ નોંધણી થયેલ સંસ્થા/સાઈટ પરના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તેમજ લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ ની કલમ- ૧૩(બી) મુજબ સવેતન રજા આપવાની રહેશે. આ જોગવાઈ અનુસાર સવેતન રજા જાહેર કરવાને કારણે સંબંધિત શ્રમયોગીઓ/કર્મચારીઓના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહીં. આ જોગવાઈ અનુસાર રોજમદાર/કેજ્યુઅલ કામદારો પણ મતદાનના દિવસે રજા અને વેતનના હકદાર રહેશે.

જે શ્રમયોગીઓની ગેરહાજરીથી વ્યાપક પ્રમાણમાં જોખમ ઊભું થવાના સંજોગો શક્યતા હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયેલ હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં નુકસાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતાં શ્રમયોગીઓ કર્મચારીઓ તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમ્યાન ત્રણ થી ચાર કલાકની વારા-ફરતી મતદાન માટે સવેતન રજા આપવાની રહેશે.

જો કોઈ કારખાનેદાર માલિક કે નોકરીદાતા ઉપરોક્ત જોગવાઈથી વિરુદ્ધનું વર્તન કરશે તો ઉપરોક્ત કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મતદાનના દિવસે સંબંધિત કોઈ ફરિયાદ હોય તો જિલ્લા નોડલ અધિકારીશ્રી એ.વી. પટેલ, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, હિંમતનગર ફોન નં. ૦૨૭૭૨ – ૨૪૦૬૨૭, મદદનીશ શ્રમ આયુક્તની કચેરી,બ્લોક નં. ૦૦૪ બહુમાળી ભવન હાજીપુર, હિંમતનગરનો સંપર્ક કરવા નોડલ ઓફિસરશ્રી માઈગ્રેટરી ઈલેક્ટર્સ અને મદદનીશ શ્રમ આયુક્તની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

પ્રાંતિજ ખાતે મહારાષ્ટ્ર સરકારના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની જાહેર સભા યોજાઈ

તલોદ તા ૨૩

આગામી પાંચ ડિસેમ્બર ના રોજ રોજ યોજાનારી બીજા તબક્કાની ચૂંટણી માં પ્રાંતિજ વિધાનસભા બેઠક ના ભાજપના ઉમેદવાર અને ગુજરાતના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ગજેન્દ્ર સિંહ પરમાર

ના પ્રચાર માટે પ્રાંતિજ ખાતે મહારાષ્ટ્ર સરકારના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ જી અને મધ્યપ્રદેશ સરકાર ના નાણાં પ્રધાન જગદીશ દેવડાજી ની ઉપસ્થિતિ માં જંગી જાહેરસભા યોજવામા આવી હતી જેમાં પુર્વ ધારાસભ્ય મહેન્દ્ર સિંહ બારૈયા, સાબરકાંઠા બેંક ના ચેરમેન મહેશ ભાઈ પટેલ, પુર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ તલોદ પ્રાંતિજ તાલુકા સંગઠન ના હોદેદારો, જિલ્લા પંચાયત ના સભ્યો સરપંચો , કાર્યકરો નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા

આ પ્રસંગે દેવેન્દ્ર ફડણવીસ જી એ સભા ને સંબોધતા જણાવ્યું હતું કે દેશ જ્યારે આઝાદ થયો ત્યારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી જી એ કીધું હતું કે ભારત હવે આઝાદ થઈ ચૂક્યો છે હવે દેશને અંગ્રેજો માંથી મુક્તિ મળી છે એવી રીતે કોંગ્રેસ થી પણ દેશ ને મુક્ત કરવા માટે આહવાન કર્યું હતું એ આહવાન ના ભાગરૂપે હું અહી આવ્યો છું તેમણે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી ના કામગીરી ની અને ગુજરાત સરકાર ની વિકાસ લક્ષી કાર્યો ની વાત રજૂ કરી ગજેન્દ્રસિંહ પરમાર ને જંગી બહુમતીથી વિજયી બનાવવા માટે અપીલ કરી હતી તેમણે વધુમાં જણાવ્યું હતું કે આજથી દસ વર્ષ પહેલાં હુ પ્રાંતિજ વિધાનસભા બેઠક ના ભાજપના તત્કાલીન ઉમેદવાર જયસિંહ ચૌહાણ ના પ્રચાર માટે આવ્યો હતો એ વખતે હું પંચાવન જેટલા ગામોમાં ફર્યો હતો જેથી આ વિસ્તારનાં આગેવાનો સાથે આજે પણ સંપર્ક જીવંત છે

પ્રાંતિજ વિસ્તાર ના ઉમેદવાર ગજેન્દ્ર સિંહ પરમાર એ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું મારી મંત્રી તરીકે ની જવાબદારી હોવા છતાં મે મારા મતવિસ્તાર માં વિકાસ કાર્યો ને પ્રાધાન્ય આપ્યું છે પણ જો કોઈ

કામ બાકી રહી ગયું હોય તો વિજેતા બન્યા બાદ પુર્ણ કરવાની ખાત્રી આપી હતી અને મારી તરફેણ માં મતદાન કરી મોદી સાહેબ ના હાથ મજબૂત બનાવવા માટે અપીલ કરી હતી સ્વાગત પ્રવચન પ્રાંતિજ તાલુકા ભાજપ મહામંત્રી અર્જુન સિહ મકવાણા એ કર્યુ હતું અંતમાં આભારવિધિ તલોદ તાલુકા મહામંત્રી બી ડી ઝાલા એ કરી હતી સભામા મોટી સંખ્યામાં કાર્યકરો નાગરિકો સ્વયંભૂ ઉપસ્થિત રહ્યા હતા

પાલનપુરમાં પ્રતિબંધિત ઇ-સિગરેટ નો જથ્થો મળ્યો

વેચાણ માટે ગેર કાયદેસર મંગાવેલ વિદેશી ૧૪ ઈસિગરેટ સાથે વેપારીની અટકાયત કરાઈ

પાલનપુર તા. ૨૩

પાલનપુરમા એક દુકાનમાં પ્રતિબંધિત અને બહારના દેશથી મગાવેલ ઇ સિગારેટ (વેપ)નું વેચાણ થતુ હોઇ એસઓજી પોલીસની ટીને દુકાનમાં ઓચિંતો છાપો મારીને રૂ.૧૩ હજારની કિંમતની ૧૪ વેપ

સિગરેટ વેંચતા વેપારી ને ઝડપી લેવામાં આવ્યો હતો.

પાલનપુરમા પ્રતિબંધિત ઈલેકટ્રોનિક સિગરેટના નશાની લત ધરાવતા લોકો માટે એક વેપારી દ્વારા વિદેશી અને પ્રતિબંધીત વેપ સિગરેટ નું વેચાણ કરાતું હોવા નું સામે આવ્યું છે જેમાં શહેરમાં ગુરુનાનક ચોક થી ગઢામણ દરવાજા જવાના માર્ગ પર આવેલ શિવ કલેકશન નામની દુકાનમા વેપના નશાના શોખીનો માટે જુદા જુદા ફ્લેવરની લિકવિડ નિકોટીન બેટરી વાળી ઇ સિગારેટ (વેપ નું વેચાણ થઈ રહ્યું હોવાની બાતમીના આધારે પાલનપુર એસઓજી પોલીસની ટીમે બે પંચોને સાથે રાખી શિવ કલેક્શન નામની આ દુકાનમાં ઓચિંતી રેઇડ કરી હતી.

જેમાં દુકાનમાંથી ગેરકાયદેસર પાસ પરમીટ કે બિલ વિના વિદેશ થી મંગાવેલ વિવિધ ફ્લેવરની ૯૫૦ની એક એવી ૧૪ ઇ સિગારેટ(વેપ) મળી આવતા પોલીસ ટીમે રૂ.૧૩ હજારની ૧૪ વેપ સાથે દુકાનદાર ખુશાલદાસ મુરલીધર ભૂરાણી રહે.ગુજરાત હાઉસિંગ બોર્ડ પોલીટેક્નિકલ કોલેજ પાસે પાલનપુર વાળા ની અટકાયત કરી આરોપી વેપારી વિરુદ્ધ પાલનપુર પૂર્વ પોલીસ મથકે પ્રોહીબિશન ઓફ ઈલેકટ્રોનિક સિગરેટ એક્ટ મુજબ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બનાસકાંઠાના વડગામ ના સલેમકોટ ગામે અલ્પેશ ઠાકોરે જન આશીર્વાદ સભા સંબોધી

કોંગ્રસના ગઢ ગણાતા સલેમકોટ ગામે ગાબડું પડે એવા જન આશીર્વાદ : સભામાં જનમેદની ઊમટી

પાલનપુર તા.૨૩

બનાસકાંઠાના સલેમકોટ ગામે અલ્પેશ ઠાકોરે જન આશીર્વાદ સભા સંબોધી હતી. મોટી સંખ્યામાં જનમેંદની ઊમટી હતી. ઉલ્લેખનીય છે કે વિધાનસભાની ચૂંટણી નજીક આવતા હવે રાજકારણ ગરમાયું છે. ત્યારે આવનાર દિવસોમાં પણ કોંગ્રેસના ગઢ ગણાતા સલેમકોટ ગામે અલ્પેશ ઠાકોરની જન આશીર્વાદ સભામાં જનમેદની ઊમટી હતી. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના નેજા હેઠળ આ જન આશીર્વાદ સભામાં ઠાકોર સમાજના લોકો બહોળી સંખ્યામાં એકઠા થયા હતા અને આવનાર દિવસોમાં પણ કોંગ્રેસના ગઢ ગણાતા સલેમકોટ ગામે પરીવર્તન આવે તેવી શક્યતા વધી છે. અલ્પેશ ઠાકોરે મીડિયા સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીને વોટ આપો કમળ ને જીતાડો તેવી અપીલ કરવા આવ્યો છું. વડગામથી મણીલાલ વાઘેલા ને કમળને જંગી બહુમતીથી જીતાડી ગાંધીનગર મોકલો એવી આશા લ?ઈને આવ્યો છુ. ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીની ૧૫૦ વધુ સીટો આવશે એવો એવો દાવો કરવામાં આવ્યો હતો. વડગામ વિધાનસભામા આ વખતે ચાર પાંખીયો જંગ જામશે. ભાજપ કોંગ્રેસ, એઆઈએમઆઈએમ અને આમ આદમી પાર્ટી ચુંટણી જીતવા મેદાનમાં ઉતર્યા છે અને મતદારોને રિઝવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

શાક બજારમાં ટામેટાના ભાવ ગગડતા ખેડૂતોનું બજેટ ખોરવાયું...

૨૦ કિલોના રૂ.૪૦૦ ભાવ ઘટીને રૂ.૮૦થી રૂ.૧૦૦ થઈ ગયા..

ગાંભોઈ, તા.૨૩

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી ખેડૂતો કપાસ, એરંડા, વરીયાળી જેવા ચાલુ ખેતી પાકોને છોડી શિયાળુ ઋતુમાં બગાયતી પાક ટામેટા તરફ વળ્યા છે. શાક બજારમાં પ્રારંભમાં ટામેટાના ઊંચા ભાવ મળ્યા બાદ તાજેતરમાં ભાવો ગગડતા આવક કરતા ખર્ચ વધી જતા ખેડૂતોને પોષણક્ષમ બાવો ન મળતા ટામેટા પકવતા ખેડૂત વર્ગની હાલત કફોડી બની જવા પામી છે.

વેજરપ ગામના ખેડૂત પંકજભાઈ પટેલના જણાવ્યા મુજબ સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર સહિત ઈડર, પ્રાંતિજ, વડાલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોએ રોકડીયો પાક ગણાતા એવા ટામેટાનું મોટા પાય વાવેતર કરેલ છે. દિવાળી તહેવારો દરમિયાન ટામેટાનો જથ્થાબંધ ૨૦ કિલોનો ભાવ રૂ.૪૦૦થી રૂ.૫૦૦ બજાર ભાવ મળતો હતો પરંતુ છેલ્લા એક સપ્તાહથી આ ભાવ ઘટીને રૂ.૮૦થી રૂ.૧૦૦ થઈ જતા ખેડૂતોને ભારે આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. આવક કરતા ખર્ચ વધી જતા ખેડૂતોનું બજેટ ખોવાઈ જવા પામ્યું છે. ખેડૂતોએ ખેતરમાં સિમેન્ટના થાંભલા પર ઊભા કરેલ માંડવાનો તેમજ મજૂરી, દવા, ખાતર અને ટ્રાન્સપોર્ટેશન સાથે કરેલ ખર્ચ પણ મજરે મળી શકે તેમ નથી ત્યારે પોષણક્ષમ ભાવો ન મળવાના કારણે પકવેલા ટામેટા ઢોર ઢાંખરને ખવડાવવા ખેડૂતો મજબૂર બન્યા છે.

ખેડૂત કરતા વચેટીયા વહેપારીઓ માલામાલ...

શાક બજારમાં વહેપારીઓ ખેડૂતો પાસેથી જથ્થાબંધ ભાવ મુજબ એક કિલો ટામેટાના રૂ.૪ થી રૂ.૫ ચુકવે છે જ્યારે આ ખરીદેલ પાકનો જથ્થો શાક બજારના છૂટક વેચાણના વહેપારીઓ પાસે ગયા બાદ ટામેટા ખરીદનાર ગ્રાહકને એક કિલોના રૂ.૧૫થી રૂ.૨૦ ચૂકવવા પડે છે. ખેડૂતોએ કાળી મજૂરી અને ખર્ચ કરી પકાવેલા પાકની ઊપજ સામે વચેટીયા વહેપારીઓ લીલા-લહેર કરતા હોય છે જ્યારે ખેડૂત દેવાદાર બનતો જાય છે. છે જ્યારે ખેડૂત દેવાદાર બનતો જાય છે.

ભાજપના ઉમેદવાર બોલ્યા મારા પર મૂકેલો ભરોસો કદાપી નહિ તોડુઃ અનિકેત ઠાકર

એક દિવસમા મત વિસ્તારના ચૌદ ગામોમા લોક સંપર્ક કર્યો

પાલનપુર તા. ૨૩

પાલનપુર વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર અનિકેત ઠાકર પ્રથમ ચરણના ચૂંટણી પ્રચારમા શહેરી વિસ્તારની સાથે ગ્રામ વિસ્તારોમાં લોક સંપર્ક શરૂ કરાયો છે જેમા સોમવારે વીરપુર, આંબેથા,ધનિયાણા, નળાસર,આંબલીયાળ, વાસણ(ધા),ભાગળ (પી),પીંપળી, રૂપપુરા, ગોપાલપુરા,રતનપુર, લાલાવાડા અને લક્ષ્મીપુરા ગામોમાં લોક સંપર્ક કરી તેમના પર મૂકેળો ભરોસો કદાપી નહિ તોડુ અને લોકો એ મારા પર મૂકેલ ભરોસી કાયની જાળવી રાખવા ની ખાત્રી આપી હતી જોકે એક જ દિવસમાં ચૌદ ગામના લોક સંપર્કમાં અનિકેત ભાઈ ઠાકર અને તેમની સાથે જોડાયેલા આગેવાનો નું ગામે ગામ ઉષ્માભેર સ્વાગત કરાયુ હતું.

પાલનપુર ડીસા હાઈવે પર આવેલ ભંગારના ગોડાઉનમાં આગ લાગતા અફડા-તફડી મચી

ફાયર ફાઈટર આવી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લાવવામાં આવી

પાલનપુર તા. ૨૩

પાલનપુર ડીસા હાઈવે પર આવેલ એક ભંગારના ગોડાઉનમાં સોમવારે રાત્રીના સમયે કોઈ અગમ્ય કારણસર આગ લાગી હતી.જેના પગલે

આજુબાજુથી લોકો દોડી આવી ફાયરને જાણ કરતા ફાયર વિભાગના કર્મચારીઓ ઘટના સ્થળે દોડી આવી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં આવી હતી. પાલનપુર શહેરમાં રહેતા અબરારભાઈ શેખનું પાલનપુર ડીસા હાઈવે પર જોડનાપુરા પાટીયાથી પાલનપુર તરફ આવવાના માર્ગ પર ભંગારનું ગોડાઉન આવેલું છે.જ્યાં કોઈ અગમ્ય કારણોસર આગ ભભૂકી હતી અને જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું જેના પગલે આજુ-બાજુથી લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા અને આ અંગેની જાણ ગોડાઉનના માલિકને કરવામાં આવી હતી.જેથી ગોડાઉનના માલિક ગોડાઉન પર આવી પહોંચ્યા હતા અને આ બાબતની જાણ પાલનપુર નગરપાલિકાના ફાયર સ્ટેશનને કરવામાં આવી હતી.જેથી ફાયર સ્ટેશનનો સ્ટાફ ફાયર સાથે ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં આવી હતી.જોકે આગ એટલી વિકરાળ સ્વરૂપમાં હોવાથી કાબુમાં આવે તે પહેલા મોટાભાગનો સર સામાન બળીને ખાખ થઈ ગયો હતો.જેના પગલે ગોડાઉન માલિકને ભારે નુકસાન થવા પામ્યું હતું. જોકે આ આગ કઈ રીતે લાગી તે અંગેની હજુ સુધી કોઈ જાણકરી મળી ન હોવાનું ગોડાઉન માલિકે જણાવ્યું હતું.

ખોડલા ગામમાં પાલનપુર વિધાનસભાના ભાજપના ઉમેદવારનું કરાયું સ્વાગત

પાલનપુર તા. ૨૩

પાલનપુર તાલુકાના ખોડલા ગામમાં આજરોજ પાલનપુર વિધાનસભાના ભાજપના ઉમેદવાર અનિકેતભાઈ ઠાકરનો સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામજનો દ્વારા ભાજપના ઉમેદવાર અનિકેતભાઈ ઠાકરનું ફૂલહાર થી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપના ઉમેદવારે પાલનપુરમાંથી ભાજપના કમળને ગાંધીનગર મોકલવા અપીલ કરી હતી. આ પ્રસંગે મહારાષ્ટ્ર સરકારના મંત્રી ચંદ્રકાંત દાદા પાટીલ,ભાજપના ઉમેદવાર અનિકેતભાઈ ઠાકર, ગીરીશભાઈ જગાણીયા, લાલજીભાઈ પ્રજાપતિ , મેરુજી ધૂંખ ,પૂર્વ મંત્રી કાંતિભાઈ કચોરીયા,ગોવિંદભાઈ પ્રજાપતિ,એલ. એ. ગઢવી, સહિત ભાજપના અગ્રણીઓ તેમજ ખોડલા ગામના કેશરભાઈ જુડાલ,અમરતભાઈ જુડાળ, રામજીભાઈ જુડાળ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.